કેસનં. ૬૫૬૬૪/૧૯

(૧). આ કામના આરોપી સામે ઈ.પી.કો.ક.૨૮૯ તથા ઘી ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(એ) તથા એનીમલ ક્રુઅલ્ટી એકટ કલમ ૧૧(૧)(એચ)(આઈ)મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો. કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીએ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નીવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપીએ મજુબ કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવાર ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રી એ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુઘ્ઘના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**<u>::: હુ ક મ :::</u>**

આરોપીને ઈ.પી.કો.ક.૨૮૯ તથા ઘી ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(એ) તથા એનીમલ ક્રુઅલ્ટી એકટ ક.૧૧(૧)(એચ)(આઈ) મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી કોર્ટ ના ઉઠતા સુધીની સજા અને રૂા.૭૦૦/–(અંકે રૂપીયા સાતસો પુરા ) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને (૭) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

( સી.જે.પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨, અમદાવાદ.
કોડ નં.GJ01056

અમદાવાદ.
તા. ૧૪/૦૯/૨૦૧૯.